# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૬-B તા.૧૯-૦૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- 'વોશ ઈન સ્કુલ'પ્રોગ્રામ અંતર્ગત સ્વચ્છતા સબંધિત સુવિધાઓ અને વોશ સંલગ્ન જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૧૦% 'કમ્પોઝીટ શાળા ગ્રાન્ટ'ના ઉપયોગ બાબત.

સંદર્ભઃ- પત્રક્રમાંકઃએસએસએ/QEM/૨૦૨૦-૨૧/૭૪૮૫-૭૫૨૨ તા.૧૯-૦૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૦-૨૧ માટે 'કમ્પોઝીટ શાળા ગ્રાન્ટ'નો પ્રથમ હપ્તો બાળકોની સંખ્યાના પ્રમાણમાં એસ.એમ.સી. કક્ષાએ ફાળવી આપેલ છે. બાકી બીજા હપ્તાની ગ્રાન્ટ ટુંક સમયમાં એસ.એમ.સી. કક્ષાએ ફાળવવામાં આવશે. 'વોશ ઈન સ્કુલ' પ્રોગ્રામ અંતર્ગત સ્વચ્છતા સબંધિત સુવિધાઓ અને વોશ સંલગ્ન જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૧૦% 'કમ્પોઝીટ શાળા ગ્રાન્ટ'નો ઉપયોગ આ સાથે બિડાણ મુજબના સંદર્ભિત પત્ર અનુસાર કરવાનો રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૨-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

પી ભારતી(IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસપીઓ, એસએસ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૪૩૧૩૩
e-mail : - spdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૦–૨૧/ ૭૪૮૫–૭૫૨૨ તા. ૧૯/૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,
જિલ્લા : તમામ.
શાસનાધિકારીશ્રી : અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત કોર્પોરેશન.

**વિષય : 'વોશ ઈન સ્કૂલ' પ્રોગ્રામ અંતર્ગત સ્વચ્છતા સબંધિત સુવિધાઓ અને WASH સંલગ્ન જરૂરિયાતોને પહોંચી વળવા માટે ૧૦% 'કમ્પોઝીટ શાળા ગ્રાન્ટ'ના ઉપયોગ બાબત**

**સંદર્ભ : (૧)અત્રેનો પત્રક્રમાંક : એસએસએ/કયુઈએમ/(ક.સ્કુ.ગ્રા.)૨૦૨૦/૨૨૦૧૫–૦૫૨, તા.૧૬/૭/૨૦૨૦**
**(૨)એમએચઆરડી–ભારત સરકાર ધ્વારા આપવામાં આવેલ સમગ્ર શિક્ષા અમલીકરણની માર્ગદર્શિકા**
**(૩)અત્રેનો પત્રક્રમાંક : એસએસએ/ટીટી/સં.શા.ગ્રા./૨૦૧૮/૨૮૨૪૯–૨૮૬, તા.૨૪/૮/૨૦૧૮**

શાળા શિક્ષણ માટેની સંકલિત યોજના "સમગ્ર શિક્ષા" અંતર્ગત શાળાઓમાં માળખાગત અને જરૂરી સુવિધાઓના નિર્માણ અને સારસંભાળ માટે વનટાઈમ કમ્પોઝીટ સ્કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ યોજના અંતર્ગત શાળાઓને વિદ્યાર્થીઓના નામાંકનની સંખ્યા આધારે દરવર્ષે વાર્ષિક રૂ.૧૦,૦૦૦/- થી રૂ.૧,૦૦,૦૦૦/- સુધી, જેમાં ૧૦% લેખે રૂ.૧,૦૦૦/- થી રૂ.૧૦,૦૦૦/- **સ્વચ્છતા એકશન પ્લાન** સહીત કમ્પોઝીટ સ્કૂલ ગ્રાન્ટ ફાળવવાની જોગવાઈ છે.

**કમ્પોઝીટ સ્કુલગ્રાન્ટ અંતર્ગત WASH in School પ્રોગ્રામ માટેની ગ્રાન્ટના વપરાશ માટેની માર્ગદર્શિકા :**

શાળાઓને ફાળવવામાં આવતી કમ્પોઝીટ સ્કુલગ્રાન્ટના ઓછામાં ઓછી ૧૦% ગ્રાન્ટ સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા, સ્વચ્છતા સબંધિત(WASH)સુવિધાઓ માટે અને WASH સંલગ્ન જરૂરિયાતોને પહોંચી વળવા ઉપયોગમાં લેવી જરૂરી છે.

**પાણી :**

- પીવાના પાણી અને હાથ ધોવા માટેની સુવિધા બિન કાર્યરત હોય તો તેમાં જરૂરી સુધારા કે મરામત કરવા જેનાથી આખુ એકમ કાર્યરત કરી શકાય.
- શુધ્ધ પાણી સ્વચ્છ અને સલામત શૌચાલય અને સાબુથી હાથ ધોવા જેવી બાબતોને દર્શાવવા માટે જરૂરી સ્લોગન/ભીત ચિત્રો
- પીવા તેમજ હાથ ધોવા માટે, સ્વચ્છતાની જગ્યા અને શૌચાલયમાં પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચત કરવા માટે નળ/પાઈપ લાઈનનું સમારકામ કરાવવા
- પાણીની ટાંકીની મરામત અને વર્ષમાં ઓછામાં ઓછી ૨ વાર સફાઈ કરાવવી
- શાળામાં ઉપલબ્ધ વરસાદી પાણીના સંગ્રહની સુવિધામાં જરૂરી નાનું સમારકામ કરાવવુ
- અન્ય આવશ્યક જરૂરિયાતો ઉપલબ્ધ થઇ ગયેલ હોય તો, પીવાના પાણીની સુવિધાને બાળ ઉપયોગી બનાવવા માટે તેની ઉંચાઈમાં જરૂરી ફેરફાર કરવા માટે

**સ્વચ્છતા :**

- ડ્રેનેજ સિસ્ટમને સાફ કરવા
- શાળાના પરિસરની સ્વચ્છતા અને ડસ્ટબિનની ખરીદી કરવા
- શાળાની ઓસરી(લોબી)માં, વર્ગખંડમાં અને ગર્લ્સ ટોઇલેટમાં સેનેટરી વેસ્ટના નિકાલ માટે અલાયદા ડસ્ટબિનની ખરીદી કરવા
- શૌચાલયના દરવાજા અને નકુચા રીપેર કરાવવા જેથી શૌચાલયમાં સલામતી જળવાઇ રહે
- શૌચાલયમાં તૂટેલી ટાઈલ્સનું સમારકામ કરવા
- શૌચાલયની સુવિધા બાળમૈત્રીપૂર્ણ બનાવવા માટે નાના સિવિલવર્ક જેવા કે, જાળી અથવા હેન્ડલ લગાવવા, CWSNમાટે ગ્રેબબાર , વોશ બેઝીન લગાવવા તથા શૌચાલયની ઉંચાઈ સમાયોજિત કરાવવી
- આકસ્મિક જરૂરિયાત માટે સેનેટરી નેપકીન્સની ખરીદી કરવા
- ટોઇલેટ ક્લીનર, ફિનાઇલ, સાબુ, સર્ફ, હેન્ડ સેનિટાઈઝર,સરફેસ જંતુનાશક/બ્લીચ,ચૂના પાવડર, સાવરણી,ટોઇલેટ યુનિટમાં ડોલ અને ટબ(મગ), સફાઈ માટેના કપડા, નેઇલ કટરજેવીસફાઈ સામગ્રી(સ્વચ્છતા કીટ અંતર્ગત ઉપલબ્ધ ન હોય તો)માટે

**સાબુથી હાથ ધોવા :**

- વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ હાથ ધોવા માટે પાણી તેમજ સાબુ ઉપલબ્ધ કરાવવા માટે (૧૦ વિદ્યાર્થીઓએ હાથ ધોવા માટે૧ જગ્યા)
- ખાસ જરૂરિયાતના સંજોગોમાં નીચેના સ્થળોએ હાથ ધોવા માટેના સાબુની અલગથી સુવિધા
  - મધ્યાહન ભોજનના સ્થળે : જમતા પહેલા અને પછી હાથ ધોવા
  - શૌચાલય પાસે : ઉપયોગ પછી હાથ ધોવા
  - એમ.ડી.એમ. રસોઈયા અને સહાયકને ભોજન બનાવતા પહેલા, દરમિયાન અને બાદમાં હાથ ધોવા માટે
- શાળાઓ કે જેની પાસે હાથ ધોવા માટેની સુવિધા માટે જગ્યા નથી તે શાળાઓએ વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે સેનીટાઈઝર/લીક્વીડ સોપ ઉપલબ્ધ કરાવવા માટે

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે, કમ્પોઝીટ સ્કુલગ્રાન્ટના વપરાશ અને ઉપયોગ અંગે અત્રેના સંદર્ભિતપત્ર-૧થી આપવામાં આવેલ સુચનાઓનો દરેક શાળાઓએ ચુસ્ત અમલ કરવાનો રહેશે.

(પી ભારતી)

**નકલ રવાના જાણ તેમજ આનુસાંગિક કાર્યવાહી અર્થે :**
– વોશ સ્પેશીયાલીસ્ટ, યુનિસેફ, ગાંધીનગર.
– વોશ કન્સલ્ટન્ટ–યુનિસેફ, સદર કચેરી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૬-C તા.૧૯-૦૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- ‘વોશ ઈન સ્કુલ’પ્રોગ્રામ અંતર્ગત ‘શાળા સ્વરછતા એકશાન પ્લાન’ તૈયાર કરવા બાબત.

સંદર્ભઃ- પત્રક્રમાંકઃએસએસએ/QEM/૨૦૨૦-૨૧/૭૫૨૩-૭૫૬૧ તા.૧૯-૦૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શાળા સ્વરછતા ગુણાંક એપ્લીકેશનના માધ્યમથી શાળાઓએ સ્ટાર રેટીંગ કરેલ છે. શાળાઓએ સ્વરછતા એકશન પ્લાન તૈયાર કરેલ છે. આ એકશન પ્લાન તૈયાર કરવા માટે ઈનીશ્યલ ગુજરાત દ્વારા ટેલી-કોન્ફરન્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતી. વોશ પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે દરક શાળાએ સમયાંતરે સ્ટાર રેટીંગમાં સુધારો લાવવા પ્રયત્ન કરવાનો રહેશે.

શાળાના બનાવેલ એકશન પ્લાન તા.૨૫-૦૨-૨૦૨૧ સુધીમાં સી.આર.સી. કક્ષાએ જમા કરાવવાનો રહેશે. સી.આર.સી.કો.ઓર્ડિનેટરે ક્લસ્ટરની તમામ સ્કુલોને એકંદરી કરી હાર્ડ અને સોફ્ટ કોપી તા.૨૬-૦૨-૨૦૨૧ના રોજ યુ.આર.સી.કક્ષાએ જમા કરાવવાની રહેશે. યુ.આર.સી.કો.ઓર્ડિનેટરે તમામ કલસ્ટરની માહિતીના એકશન પ્લાનનું એકંદરી કરી તા.૨૭-૦૨-૨૦૨૧ના રોજ સમગ્ર શિક્ષા ખાતે જમા કરાવવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૨-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પી ભારતી(IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસપીઓ, એસએસ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૪૩૧૩૩
e-mail : - spdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

**પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૦–૨૧/ ૭૫૨૩ -૭૫૯૨** **તા. ૧૯/૨/૨૦૨૧**

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત કોર્પોરેશન.

**વિષય : 'વોશ ઈન સ્કૂલ' પ્રોગ્રામ અંતર્ગત 'શાળા સ્વચ્છતા એકશન પ્લાન' તૈયાર કરવા બાબત**
**સંદર્ભ : અત્રેનો પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૦–૨૧/૪૩૦૩૪–૦૭૨, તા.૨૩/૧૨/૨૦૨૦**

શાળા સ્વચ્છતા ગુણાંક(એસ.એસ.જી.) એપ્લીકેશનના માધ્યમથી મોટાભાગની શાળાઓ પાસે સ્ટાર રેટિંગ સાથે એકત્ર થયેલ WASH સંલગ્ન બાબતોની અદ્યતન માહિતી ઉપલબ્ધ છે. તેથી, તમામ શાળાઓને તેમનો શાળા સ્વચ્છતા એક્શન પ્લાન તૈયાર કરી એસ.એમ.સી.ની માન્યતા મેળવી ઉપલબ્ધ ભંડોળનો નિયમોને આધીન વિવેકપૂર્ણ ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

યુનિસેફ-ગુજરાતના સહયોગથી તા.૨૯-૧૨-૨૦૨૦ના રોજ રાજ્યના તમામ બીઆરસી/યુઆરસી કો.ઓ.ને શાળા સ્વચ્છતા એક્શન પ્લાન અંગે માર્ગદર્શન આપવામાં આવેલ છે. WASH પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે દરેક શાળાએ સમયાંતરે પોતાના સ્ટાર રેટિંગ પર ધ્યાન રાખી તેમાં સુધારો લાવવા પ્રયત્નો કરવા જોઈએ.

રાજ્યની તમામ શાળાઓને ઉપલબ્ધ ભંડોળ અને અન્ય નાણાકીય સ્ત્રોતને ધ્યાને લઈ 'શાળા સ્વચ્છતા એક્શન પ્લાન' તૈયાર કરવા જણાવવામાં આવે છે.

આ સાથે સામેલ પત્રકને ધ્યાને લઈ તાલુકા કક્ષાએ બીઆરસી કો.ઓ.એ એકંદર એક્શન પ્લાન અને તાલુકાના પત્રક આધારે જીલ્લા કક્ષાએ જીલ્લાનો WASH એક્શન પ્લાન તૈયાર કરવાનો રહેશે. શાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ શાળા સ્વચ્છતા પ્લાન, બીઆરસી કક્ષાએ બીઆરસી કો.ઓ. દ્વારા તેમજ જીલ્લા દ્વારા તૈયાર કરવામાં આવેલ એકંદર માહિતી મદદનીશ જીલ્લા કો.ઓ.-ક્યુ.ઈ.એમ. મારફતે જીલ્લા એમ.આઈ.એસ. કો.ઓ. દ્વારા https://cutt.ly/tj4b509 પર તા.૦૧-૩-૨૦૨૧ સુધીમાં અપલોડ કરવાની રહેશે. જેથી અત્રેની કચેરી દ્વારા જરૂરિયાત અનુસાર મોનીટરીંગ થઈ શકે અને જરૂર જણાય ત્યાં યોગ્ય માર્ગદર્શન આપી શકાય.

P.B.
**(પી ભારતી)**

**નકલ રવાના જાણ તેમજ આનુસાંગિક કાર્યવાહી અર્થે :**
**– વોશ સ્પેશીયાલીસ્ટ, યુનિસેફ, ગાંધીનગર.**
**– વોશ કન્સલ્ટન્ટ–યુનિસેફ, સદર કચેરી**

Government of Gujarat

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

unicef for every child

asci

# CONSOLIDATED WASH ACTION PLAN (એકંદર એકશન પ્લાન)

Date: District/Block:____________

| શ્રેણી | ૨૦૨૦–૨૧ના તાજેતરના સર્વેમાં વોશ કામગીરી(A) | ૨૦૨૦–૨૧માં લક્ષ્યાંક સુધારણા(શાળાઓની સંખ્યા) (કોલમ A ઉપર) | આવશ્યક નાણાકીય સ્ત્રોત(રકમ રૂ. માં) | બિન નાણાંકીય સ્ત્રોત (મુખ્ય સ્ત્રોતની યાદી) | મુખ્ય પગલા | જવાબદારી | પૂર્ણાહુતિ માટેની નિર્ધારિત તારીખ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| Category 1: Water | 1*: | 1*: A(-)(+)____ | | | | | | |
| | 2*: | 2*:A(-)(+)____ | | | | | | |
| | 3*: | 3*: A(-)(+)____ | | | | | | |
| | 4*: | 4*: A(-)(+)____ | | | | | | |
| | 5*: | 5*: A(-)(+)____ | | | | | | |
| Category 2: Toilets | 1*: | 1*: A(-)(+)____ | | | | | | |
| | 2*: | 2*:A(-)(+)____ | | | | | | |
| | 3*: | 3*: A(-)(+)____ | | | | | | |
| | 4*: | 4*: A(-)(+)____ | | | | | | |
| | 5*: | 5*: A(-)(+)____ | | | | | | |
| Category 3: Handwashing | 1*: | 1*: A(-)(+)____ | | | | | | |
| | 2*: | 2*:A(-)(+)____ | | | | | | |
| | 3*: | 3*: A(-)(+)____ | | | | | | |
| | 4*: | 4*: A(-)(+)____ | | | | | | |
| | 5*: | 5*: A(-)(+)____ | | | | | | |
| Category 4: Operation & Maintenance | 1*: | 1*: A(-)(+)____ | | | | | | |
| | 2*: | 2*:A(-)(+)____ | | | | | | |
| | 3*: | 3*: A(-)(+)____ | | | | | | |
| | 4*: | 4*: A(-)(+)____ | | | | | | |

| શ્રેણી | ૨૦૨૦–૨૧ના તાજેતરના સર્વેમાં વોશ કામગીરી(A) | ૨૦૨૦–૨૧માં લક્ષ્યાંક સુધારણા(શાળાઓની સંખ્યા) (કોલમ A ઉપર) | આવશ્યક નાણાકીય સ્ત્રોત(રકમ રૂ. માં) | બિન નાણાંકીય સ્ત્રોત (મુખ્ય સ્ત્રોતની યાદી) | મુખ્ય પગલા | જવાબદારી | પૂર્ણાહુતિ માટેની નિર્ધારિત તારીખ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5*: | 5*: A(-)(+)____ | | | | | | |
| Category 5: Behavior Change and capacity building | 1*:<br>2*:<br>3*:<br>4*:<br>5*: | 1*: A(-)(+)____<br>2*:A(-)(+)____<br>3*: A(-)(+)____<br>4*: A(-)(+)____<br>5*: A(-)(+)____ | | | | | | |

| શ્રેણી | કોવીડ પાલનની જાણ કરતી શાળાઓની સંખ્યા(કોવીડ સજ્જતા) | કોવીડ પાલનની શાળાઓની લક્ષ્યાંકીત સંખ્યા(કોવીડ સજ્જતા) | આવશ્યક નાણાકીય સ્ત્રોત(રકમ રૂ. માં) | બિન નાણાંકીય સ્ત્રોત (મુખ્ય સ્ત્રોતની યાદી) | મુખ્ય પગલા | જવાબદારી | પૂર્ણાહુતિ માટેની નિર્ધારિત તારીખ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| કોવીડ સજ્જતા | સામગ્રી ઉપલબ્ધતા :<br>કામગીરી :<br>બીસીસી :<br>ત્રણેય શ્રેણી | સામગ્રી ઉપલબ્ધતા :<br>કામગીરી :<br>બીસીસી :<br>ત્રણેય શ્રેણી | | | | | | |